**બં.અ. કૃષિ મહાવિધાયલયના અમૃત મહોત્સવ વ્યાખ્યાનમાળા અંતર્ગત વિદ્યાર્થીનીઓમાં સંરક્ષણ અંગેની જાગૃતતા માટે "મહિલા સલામતી" અંગેનું વ્યાખ્યાન યોજાયું**

બં. અ. કૃષિ મહાવિધાયલયના અમૃત મહોત્સવ વ્યાખ્યાનમાળા અંતર્ગત વિદ્યાર્થીનીઓમાં સંરક્ષણ અંગેની જાગૃતતા માટે "મહિલા સલામતી" અંગેનું વ્યાખ્યાન બં. અ. કૃષિ મહાવિદ્યાલયના વિદ્યાર્થી પ્રતિનિધી સંઘ દ્વારા આણંદ કૃષિ યુનિવર્સિટીના માન. કુલપતિશ્રી ડૉ. કે. બી. કથીરીયાના અધ્યક્ષસ્થાને તા. ૦૪/૦૯/૨૦૨૧ના રોજ કોલેજના મધ્યસ્થ ખંડમાં યોજવામાં આવ્યું.

આ પ્રસંગે વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી ડૉ. એચ. બી. પટેલ, વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિઓના નિયામકશ્રી ડૉ. ડી. એચ. પટેલ, વિદ્યાર્થી સંઘના ચેરમેન ડૉ. ડી. જે. પરમાર તથા યુનિવર્સિટીના મહિલા સમિતિના પ્રમુખ ડૉ. મંજુષાબેન કુલશ્રેષ્ઠા ઉપરાંત મહિલા ફેકલ્ટી સ્ટાફ અને વિદ્યાર્થીનીઓ કોવિડ-૧૯ ની શિસ્તતા સાથે હાજર હતા તથા ઓનલાઇનમાં પણ જોડાઇ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

આણંદ કૃષિ યુનિવર્સિટી તથા ગુજરાત ઓર્ગેનિક યુનિવર્સિટીના માન. કુલપતિશ્રી ડૉ. કે. બી. કથીરીયા સાહેબે અધ્યક્ષસ્થાનેથી જણાવ્યુ કે વિદ્યાર્થીઓની સલામતી માટે સ્વરક્ષણ કેળવવા માનસીક અને શારિરીક રીતે સક્ષમ હોવુ ખૂબ જ જરૂરી છે. અગમચેતી અંગેનું મહત્વ સમજાવ્યુ હતું. અમૃત મહોત્સવમાં વિદ્યાર્થીનીઓ માટે વધુ અને વધુ કાર્યક્રમો યોજવામાં આવે તેવી લાગણી પણ તેઓશ્રીએ વ્યક્ત કરી હતી.

આજના આ કાર્યક્રમમાં શ્રી નિતિનભાઇ ત્રિવેદીએ જે સમગ્ર રાજ્યમાં મહિલા સુરક્ષા અને સલામતિ માટે સન્માનિત થયેલ છે, વિવિધ માનપારિતોષિકો મેળવ્યા છે તેવા યોગ શિક્ષક, પ્રાકૃતિક ચિકિત્સક અને વિવિધ જ્ઞાન ધરાવતા વક્તા તરીકે મહિલા સલામતિ અંગે વિષદ છણાવટ સાથે પોતાનું વક્તવ્ય રજૂ કર્યું. મહિલાની વિવિધ મુશ્કેલીઓ, તકલીફો સમયે

તાત્કાલીક સ્વબચાવ અને અન્યના રક્ષણ માટે શું શું કરી શકાય તેવી ઉપયોગી માહિતીથી વાકેફ કર્યા હતા.

બં. અ. કૃષિ મહાવિદ્યાલયના આચાર્ય અને ડીનશ્રી ડૉ. વાય. એમ. શુક્લે સર્વે મહાનુભાવોનું સ્વાગત કરતા ભારતીય સંસ્કૃતિમાં, ભારતીય સમાજમાં તથા આજના યુગમાં નારીનું મહત્વ સમજાવ્યું. દરેક મહિલામાં સલામતિ અને સરક્ષા વિકસે તથા "માતૃ દેવો ભવ:" ની ઉક્તિ આજના આ વ્યાખ્યાનથી ફળીભૂત થઇ નારી હવાકા રૂખ બદલે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિના નિયામકશ્રી ડૉ. ડી. એચ. પટેલે જણાવ્યુ કે હિન્દુ શાસ્ત્રોમાં નારી શક્તિને સ્વિકારી છે ત્યારે કુટુંબમાં નારીનો સ્વિકાર અને સલામતી માટેનો ભાવ દરેકમાં વ્યક્ત થાય તે જરૂરી છે. મહિલા પ્રતિનિધી તરીકે ડૉ. મંજુષાબેન કુલશ્રેષ્ઠાએ યુનિવર્સિટી એ પોતાનું બીજુ ઘર છે અને કામકાજના સ્થળ એવા આ ઘરમાં ઓથોરિટી દ્વારા કેવી રીતે સલામતિના પગલા લેવાય છે તેની વિસ્તૃત જાણકારી આપી અને ઓનલાઇન તથા ઓફલાઇન હાજર સર્વે માટે આજનો વિષય કેવો અગત્યનો છે તેની છણાવટ કરી હતી.

કાર્યક્રમના અંતમાં વિદ્યાર્થી પ્રતિનિધી સંઘના ચેરમેન ડૉ. ડી. જે. પરમાર સર્વનો આભાર વ્યક્ત કરતા આ "મહિલા સલામતી અભિયાન" દ્વારા નારી શક્તિ નારી સન્માન માટે પ્રવૃત બને તેવી આશા વ્યક્ત કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રીમતી પ્રા. રૂચાબેન દવે દ્વારા કરવામાં આવ્યુ હતું











